Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૮ (ચાલુ), વીર સં. ૨૫૦૦
વિ. સં. ૨૦૩૦ વૈશાખ

## मा पमायए ।

अहीणपंचेन्दियत्तं पि से लहे, उत्तमधम्मसुई हु दुल्लहा ।
कुतित्थिनिसेवए जणे, समयं गोयम ! मा पमायए ॥

પાંચે ઈન્દ્રિયો પરિપૂર્ણ પ્રાપ્ત કરવા છતા પણ ધર્મનું શ્રવણ પ્રાપ્ત કરવું કઠિન છે. ઘણા મનુષ્યો પાખંડી ગુરુઓની સેવા કરતા રહે છે. હે ગોતમ! ક્ષણ માત્ર પણ પ્રમાદ ન કર.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

પુસ્તક : ૭૧ ] મે : ૧૯૭૪ [ અંક : ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ * નુ * ક્ર * મ * ણિ * કા


| ક્રમ | લેખ | | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧. | ગુણેહિ સાહુ અગુણેહિઽસાહુ | ... | — | ૬૫ |
| ૨. | સ્વ યોગનિષ્ટ આચાર્ય બુદ્ધિસાગરસૂરિજીનો એક મહત્વનો પત્ર | ... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૬૬ |
| ૩. | મુંગા જીવોના શ્રાપ | ... | અમરચંદ માવજી શાહ | ૭૦ |
| ૪. | પાપનો ડંખ | ... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૭૨ |
| ૫. | જૈન સમાચાર | ... | — | ૭૮ |


## -: આ મં ત્ર ણ :-

માન્યવર સભાસદ્ બંધુઓ તથા સભાસદ્ બહેનો,

આ સભાનો ૭૮ મો વાર્ષિક ઉત્સવ સંવત ૨૦૩૦ ના જેઠ શુદિ ૨ ગુરૂવાર તા. ૨૨-૫-૭૪ ના રોજ ઉજવવામાં આવશે આ પ્રસંગે શેઠશ્રી મૂળચંદ નથુભાઈ તેમજ સ્વ. વોરા હઠીચંદ ઝવેરભાઈ તથા તેમના ધર્મપત્ની હે-કોરબહેને આપવાના વ્યાજ વડે આ સભાના લાઈબ્રેરી હોલમાં સવારે ૯-૩૦ કલાકે પૂજા ભણાવવામાં આવશે; તો માંગલિક પ્રસંગે આપ સૌ પધારશો.

લી. સેવક,

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ
ભાવનગર
તા. ૧૫-૪-૭૪

ખાંતિલાલ ઝવેરભાઈ શાહ
હીરાલાલ ભાણજીભાઈ શાહ
કાન્તિલાલ જગજીવન દોશી
માનદ્ મંત્રીઓ.

## .... સ મા ચા ર - સા ર ....

શ્રી વર્ધમાન કો-ઓપરેટીવ બેન્ક લી. ભાવનગરનું મંગળ ઉદ્‌ઘાટન તારીખ ૮-૫-'૭૪ના રોજ ગુજરાતની સહકારી પ્રવૃત્તિઓના પ્રણેતા શ્રી વીઠ્ઠલભાઇ અમીનને હસ્તે થયું હતું. સમારંભના પ્રમુખ સ્થાનેથી શેઠ શ્રી ભોગીલાલ મગનલાલ શાહે બેન્કની પ્રગતિ માટે શુભેચ્છા પાઠવી હતી. અતિથિ વિશેષ પદેથી યુવાન ઉદ્યોગપતિ શ્રી જસુભાઇ પ્ર. મહેતાએ બેંકને આવકાર આપી સૌને આ કામમાં રસ લેવા જણાવ્યું હતું. આ પ્રસંગે નગરપતિ શ્રી નગીનભાઇ શાહ વર્ધ. કો. બેન્કના મેનેજીંગ ડીરેક્ટર શ્રી વાડીલાલ ગાંધી તથા અન્ય ડાયરેકટરો શ્રી મનમોહન તંબોળી વગેરેએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. ડાયરેકટર શ્રી મનહરભાઈ શેઠે આભાર વિધિ કરી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સભાના નવા પેટ્રન

# શ્રી દીપચંદ સવરાજ ગાર્ડી

બી. એસ. સી. એલ. એલ. બી. બાર–એટ–લૉ

## નો ટૂંકો જીવન પરિચય



દઢ અને નિર્ણયાત્મક શક્તિનો જેનામાં સતત પ્રવાહ વહી રહ્યો છે એવા શ્રી. દીપચંદ સવરાજ ગાર્ડીનો જન્મ સૌરાષ્ટ્રના પડધરી ગામે જૈન કુટુંબમાં શ્રી સવરાજ જીવરાજ ગાર્ડીને ત્યાં તા. ૨૫–૪–૧૯૧૭ના દિવસે થયો હતો. તેમની માતાનું નામ કપૂરબહેન અને લઘુબંધુનું નામ ચીમનલાલ. આ કુટુંબ દાન–દયા–ધર્માદિ સંસ્કારોથી રંગાયેલું એટલે આ બધા ગુણો શ્રી. દીપચંદભાઇમાં સહજ રીતે પ્રાપ્ત થયા છે.

માત્ર ચાર વર્ષની વયે શ્રી. દીપચંદભાઈના પિતાશ્રીનું દુઃખદ અવસાન થયું અને ત્યાર પછી તેમનો ઉછેર તેમના દાદાની દેખરેખ નીચે થયો. આર્થિક પરિસ્થિતિ સામાન્ય પ્રકારની હતી. ગરીબી કડવી અને તિરસ્કાર પાત્ર લાગે પરંતુ જેમ કાળામાં કાળી ભોંયમાંજ સુંદર ફૂલ ઉત્પન્ન થાય છે તેમ ગરીબાઇમાં માનવીના હૃદયમાં અપૂર્વ હિંમત આવે છે, તેની બુદ્ધિ તીક્ષ્ણ બને છે, દીર્ઘદૃષ્ટિ પ્રાપ્ત થાય છે અને ગરીબાઇને જો સહિષ્ણુતાથી સહી લેવામાં આવે તો એવો માનવી મહાન બની શકે છે તે પ્રત્યક્ષ રીતે શ્રી. દીપચંદભાઇના જીવન પરથી જોઇ શકાય છે.

શ્રી. દીપચંદભાઇનું પ્રારંભિક શિક્ષણ પડધરીમાં જ થયું. અંગ્રેજી છ ધોરણના અભ્યાસ પછી તેઓ વાંકાનેરની હાઇસ્કુલમાં દાખલ થયા અને મેટ્રીકની પરીક્ષા ઉચ્ચકક્ષાએ પાસ કરી. મૂળથી જ તેઓ સ્વાવલંબી એટલે મેટ્રીક પસાર કરી તેઓ ભાવનગરની શામળદાસ કોલેજમાં દાખલ થયા અને શિક્ષણખર્ચની રકમ જાતે કમાઇ બે વર્ષ સુધી અભ્યાસ કર્યો. તે પછી મુંબઇ આવી મહાવીર જૈન વિદ્યાલયમાં હાફ પેઇંગ વિદ્યાર્થી તરીકે દાખલ થઇ રોયલ ઇન્સ્ટીટયુટ ઓફ સાઇન્સમાં અભ્યાસ કરવા લાગ્યા. આમ સંસ્થાનું ઋણ પોતાના માથે ચડે એ પણ તેમને ગમતી વાત ન હતી એટલે વિદ્યાલયમાંથી છૂટા થઇ સ્વતંત્ર કમાણી કરતાં કરતાં તેઓ બી. એસ. સી. થયા. તે પછી એલ. એલ. બી. ની પરીક્ષા પસાર કરી તેઓ ધારાશાસ્ત્રી થયા. તીક્ષ્ણ બુદ્ધિ, અનોખી પ્રતિભા અને સહૃદયતાના કારણે એડવોકેટ તરીકે તેઓ ટૂંક વખતમાં ઝળકી ઊઠયાં. મુંબઈમાં મકાનો અને જમીનની લે-વેચમાં તેઓ વધુ અને વધુ રસ લેવા લાગ્યા અને પછી તો આ ધંધામાં ઝંપલાવ્યું. આ ધંધામાં તેમને ભારે સફળતા પ્રાપ્ત થઈ અને આજે તો આ ધંધામાં તેમની ગણતરી આ વિષયના નિષ્ણાત તરીકે થાય છે. અનેક કંપનીઓ, સંસ્થાઓ અને મહાનુભાવો તેમની પાસેથી આ ધંધાને અંગે માર્ગદર્શન લે છે. ઇ. સ. ૧૯૬૧ માં તેઓ ઇંગ્લાંડ જઇ બાર–એટ–લૉ થઈ આવ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમના પ્રથમ પત્ની શ્રી. રૂક્ષ્મિણી બહેનથી તેમને રશ્મિકાંત અને હસમુખભાઈ નામે બે પુત્રો છે. શ્રી રશ્મિકાંતભાઇએ લંડનમાં રહી ડોકટરી ઉચ્ચ કક્ષાની પરીક્ષાઓ પસાર કરી છે અને હાલ ત્યાંની એક નામાંકિત હોસ્પીટલમાં પોતાના વિશાળ જ્ઞાનનો લાભ આપે છે. શ્રી હસમુખભાઇ ધારાશાસ્ત્રી છે અને સોલીસીટરની પરીક્ષા પસાર કરી છે. તેમના દ્વિતીય પત્ની શ્રી. વિદ્યાબહેન એક સુપ્રસિદ્ધ શિક્ષણશાસ્ત્રી છે. તેઓ બી. એ. એલ. બી. બી. ઇ. ડી. બાર–એટ–લો છે અને કેળવણી ક્ષેત્રમાં અપૂર્વ રસ ધરાવે છે.


શ્રી. દીમચંદભાઇ પાસે વિપુલ ધન હોવા છતાં પોતે એ ધનનાં માલિક બનવાને બદલે ટ્રસ્ટી બની વહીવટ કરે છે. દીન દુઃખીઓને ગુપ્ત રીતે તેઓ સહાય કરે છે. તેઓ તેમજ તેમનો સમગ્ર પરિવાર અનન્ય શિક્ષણપ્રેમી છે. શિક્ષણના ક્ષેત્રે શ્રી. દીપચંદભાઇએ અપૂર્વ દાન કર્યું છે. તેમની જન્મભૂમિ પડધરીમાં તેમના સ્વર્ગસ્થ પિતાશ્રીના સ્મરણાર્થે 'સવરાજ જીવરાજ ગાર્ડી કન્યા મહાવિદ્યાલય' ચાલે છે. તેમના માતુશ્રીનું નામ જોડી શ્રી. કપૂરબેન જૈન પાઠશાળા ચાલે છે તેમજ પડધરીની આજુબાજુના ગામડાઓમાં પ્રાથમિક શાળાઓ માટે અનેક મકાનો બંધાવી આપેલ છે. ઘાટકોપરમાં તેમના માતુશ્રીની યાદગીરીમાં ધનજી દેવશી રાષ્ટ્રીય શાળામાં એક સભાગૃહ બંધાવી આપેલ છે. મુંબઇમાં ચાલતી ગાર્ડી હાઇસ્કુલમાં તેઓ તેમજ તેમના સુશીલ પત્ની શ્રી. વિદ્યાબહેન તન–મન–ધનપૂર્વક રસ લેછે. મહાવીર જૈન વિદ્યાલયમાં તેમના કુટુંબની અનેક વ્યક્તિઓ પેટ્રન થયેલ છે અને વિદ્યાલયની સંસ્થામાં તેમના અનેક સ્કોલરો ભણી શકે તેવી સુવ્યવસ્થિત વ્યવસ્થા પણ કરેલ છે. શ્રી. ગોકલદાસ ડાહ્યાભાઇ શાહ વિશાશ્રીમાળી વણિક વિદ્યોત્તેજક, જામનગર તેમજ અન્ય અનેક ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓમાં તેઓ ટ્રસ્ટી છે અને પોતાની સેવાનો લાભ આપે છે.

અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું નાવ તોફાનના વમળમાં અટવાઇ ગયેલું અને પ્રયત્નો છતાં છેલ્લા કેટલાક વર્ષોથી તેનું અધિવેશન મળી શકતું ન હતું. શ્રી. દીપચંદભાઇની કેળવણી પ્રત્યેની ઉદાર અભિરૂચી, શાસન અને સમાજના કાર્યો અંગેની ઊંડી સમજ અને ધગશ તેમજ સેવા ક્ષેત્રે તેઓશ્રીની પ્રસરેલી સુવાસથી, ઇ. સ. ૧૯૭૩ના માર્ચ માસમાં ભરાયેલ કોન્ફરન્સના ૨૩મા અમૃત મહોત્સવ અધિવેશનમાં પ્રમુખ તરીકે તેમની વરણી થઇ અને કોન્ફરન્સરૂપી નાવને તોફાનના વંટોળમાંથી બહાર લાવી તેને સક્રિય અને સફળ બનાવવાનું માન તેમના ફાળે જાય છે. શ્રી. વર્ધમાન કો ઓપરેટીવ બેંકની સ્થાપના અને વિકાસમાં તેમનો મહત્ત્વનો ફાળો છે. ઓછામાં ઓછું બોલવું અને વધુમાં વધુ કાર્ય કરી બતાવવું એ તેમના જીવનનો મુદ્રાલેખ છે.

આવા ઉદાર ચરિત, સેવાભાવી અને સૌજન્યશીલ શ્રી. દીપચંદભાઇ ગાર્ડીને પેટ્રન તરીકે મેળવવા બદલ આ સભા આનંદ અને ગૌરવ અનુભવે છે અને તેઓ શ્રી તન્દુરસ્તભર્યું દીર્ઘ જીવન પ્રાપ્ત કરે તેમજ તેમના હાથે માનવસેવાના અનેક સત્કાર્યો ઉત્તરોત્તર થતા રહે એવી હાર્દિક અભિલાષા પ્રગટ કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ : ૭૧ ] વિ. સં. ૨૦૩૦ વૈશાખ .·. ઈ. સ ૧૯૭૪ મે [ અંક : ૭

गुणेहि साहू अगुणेहिऽसाहू ।
गिण्हाहि साहू गुण मुञ्चऽसाहू ।
वियाणिया अप्पगमप्पएणं ।
जो रागदोसेहिं समो स पुज्जो ॥

ગુણો વડે સાધુ કહેવાય છે, અવગુણો વડે અસાધુ થવાય છે, માટે સારા ગુણોને ગ્રહણ કર, નઠારા અવગુણોને તજી દે. એ રીતે જે પોતે પોતાની જાતને વિવિધ રીતે બોધ આપે છે તથા રાગના પ્રસંગે વા દ્વેષના પ્રસંગે બરાબર સમભાવ રાખે છે તેને પૂજ્ય કહેવો.

"મહાવીર વાણી"
—૨૫૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ. યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરસૂરિજીનો

# એક મહત્વનો પત્ર

લેખક : મનસુખલાલ તારાચંદ મહેતા

**સંપાદકીય નોંધ :-**

સ્વ. યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજીની ૪૯ મી સ્વર્ગારોહણ તિથિ જેઠ વદિ ૩ તા. ૮-૬-૧૯૭૪ના આવે છે અને તે પ્રસંગે શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ દ્વારા મુંબઇમાં પૂ પંન્યાસ શ્રી પદ્મસાગરજી મહારાજ સાહેબની નિશ્રામાં સદ્ગત આચાર્યશ્રીના ગુણાનુવાદનો એક સમારંભ ઉજવાશે. સદ્ગત આચાર્ય મહારાજશ્રીનો જે પત્ર અહિં છાપવામાં આવ્યો છે તે આજથી ૬૩ વર્ષ પહેલાંનો છે, છતાં એ સમયે આ પત્રની જે મહત્ત્વતા હતી તે કરતાં જૈન સમાજ માટે વર્તમાન કાળે આ પત્રની મહત્ત્વતા અનેક ગણી વધારે છે આ પત્રમાં જણાવવામાં આવ્યું છે તેમ આ દુનિયામાં મતભેદ તો હોય છે પણ મતભેદનો અપેક્ષાએ અન્ત લાવી શકાય છે. વિવેક-બુદ્ધિથી મતભેદ ટાળવા જોઇએ. મતભેદના કારણે સમાજમાં કલેશના આંદોલનો ન પ્રગટવા જોઇએ. આચાર્યશ્રીએ એક મહત્ત્વની વાત કરતાં પત્રમાં સાચુંજ કહ્યું છે કે: **"મતભેદ ફેલાવનારા મનુષ્યો શાંતિના સામ્રાજ્યમાં રાક્ષસનું આચરણ કરે છે."**

આચાર્યશ્રીએ પ્રસ્તુત પત્ર મુંબઇથી, તે વખતના જૈન સમાજના અગ્રગણ્ય નેતા સ્વ. શ્રી લાલભાઈ દલપતભાઈ શેઠને અમદાવાદ લખેલ છે (અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મુંબઈ તરફથી સં. ૧૯૭૩માં આચાર્યશ્રીના પ્રગટ થયેલ ગ્રંથ 'ધાર્મિક ગદ્ય સંગ્રહ'માં પ્રસ્તુત પત્ર છાપવામાં આવેલ છે) પત્રની શરૂઆતમાં જ આચાર્યશ્રીએ લખેલું છે કે: "સાધુઓમાં પડેલા બેમતનો શ્રાવકોથી નિવેડો લાવી શકાય નહિ. પરંતુ જો કોઇ રીતે તમારા જેવા સુશ્રાવકોથી સાધુ વર્ગમાં પડેલા ભેદનું સમાધાન થતું હોય તો બહુ સારૂં." આ ઉલ્લેખ ઘણી ઘણી વાતો કહી જાય છે. આજથી પાંસઠ વર્ષ પહેલાં પણ આપણા શ્રમણસંઘમાં કેવી સ્થિતિ પરિવર્તતી હતી તેનો સરસ ચિતાર આ વાતમાંથી આવી શકે છે. વર્તમાનકાળે પણ શ્વેતાંબર શ્રમણ સંઘમાં આ જ રામાયણ જોવાની મળે છે. એ વખત કરતાં પણ વર્તમાનકાળે શ્રમણસંઘમાં પરિવર્તી રહેલી પરિસ્થિતિ વધુ દુ:ખદ અને વધુ ખેદજનક છે. આવા પ્રસંગે શ્રાવકોનું કર્તવ્ય શું? એ વિષે પણ આચાર્યશ્રીએ સરસ ટકોર કરી છે.

ગંભીર બિમારી આવે ત્યારે એવા દર્દીને સારવાર અર્થે આપણે હોસ્પીટલમાં મૂકીએ છીએ. એવા પ્રસંગે આપણે દર્દીનો તિરસ્કાર નથી કરતાં પરંતુ તેના પ્રત્યે ઉલટી વધુ સહાનુભૂતિ દાખવીએ છીએ. આચાર્યશ્રીએ પત્રમાં આવી વાત કહીને ઉમેર્યું છે: "એક દર્દીના સંસર્ગથી અન્યને રોગનો ચેપ લાગે એવું જો ધારવામાં આવે તો તે ઠીક છે, પણ ડોકટરોએ અન્ય મનુષ્યોને જણાવવું જોઇએ કે અમુક રોગીનો સંસર્ગ ન કરવો, પણ રોગીના ચેપના લીધે પ્રયોજન વિનાની અને ઘણાઓને હરકત કરનારી એવી નકામી ધાંધલ કરવાની પ્રવૃત્તિ કોઈ રીતે પ્રશંસવા યોગ્ય ગણી શકાય નહિ."

ભગવાન મહાવીરની પચીસોમી નિર્વાણ જયંતી ઉજવણીની બાબતમાં શ્વેતાંબર સંપ્રદાયના સાધુઓમાં ભારે મતભેદ પ્રવર્તે છે. મોટો ભાગ આમ જયંતી ઉજવાય છે તેની તરફેણમાં છે, તો નાનો એવો ભાગ તેનાથી વિરુદ્ધ પણ છે. આવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિરોધીઓને આચાર્ય બુદ્ધિસાગરજીના શબ્દોમાં કહી શકાય કે આવી નકામી ધાંધલ કરવાની પ્રવૃત્તિ કોઇ રીતે પ્રશંસવા યોગ્ય ગણી શકાય નહીં. પ્રસ્તુત પત્રનો મર્મ આપણા સાધુ ભગવંતો અને શ્રાવકો સમજે અને તે મુજબ વર્તે એજ આ પત્ર પ્રગટ કરવા પાછળનો એક હેતુ છે. શાસનદેવ સૌને સદ્બુદ્ધિ આપે એજ અભ્યર્થના!

સંપાદક.

## આચાર્યશ્રીનો પત્ર

સં. ૧૯૬૭ વૈશાખ શુદિ ૧
મુંબઈ.

શ્રી અમદાવાદ મધ્યે સુશ્રાવક શેઠ લાલભાઈ દલપતભાઈ યોગ્ય ધર્મલાભ :–

વિશેષ અત્ર શાન્તિઃ તત્રાસ્તુ. જૈન કોમમાં હાલ જે ચર્ચા ચાલે છે તેનાથી ભવિષ્યમાં શી સ્થિતિ થશે તે કળી શકાતું નથી.

તમો અમને મુંબઇ ચૈત્ર માસમાં મળ્યા હતા ત્યારે કહ્યું હતું કે સાધુઓમાં પડેલા બે મતનો શ્રાવકોથી નિવેડો લાવી શકાય નહિ. પરંતુ જો કોઇ રીતે તમારા જેવા સુશ્રાવકોથી સાધુ વર્ગમાં પડેલા ભેદનું સમાધાન થતું હોય તો બહુ સારૂ. આપણી વચ્ચે જે વાતચિત થઈ તે આધારે જોતાં મારે હાલ બને તે રીતે સમાધાન કરાવવા પ્રયત્ન કરવો ઇત્યાદિ વિચારો પર હું આવું છું. તથાપિ કેટલાક સંયોગો સાનુકુલ ન હોવાથી મારાથી મારા વિચારો પ્રમાણે પ્રવર્તી શકાશે નહિ એમ લાગે છે. અહંત્વથી કદાગ્રહ કરીને હાલ જે બન્ને પક્ષકારો અનુચિત પ્રવૃત્તિ કરે છે તેથી જૈન સંઘમાં અનેક મનુષ્યો કર્મ બાંધશે. જેઓની શક્તિ છે તેઓ હાલ સ્વશક્તિ પ્રમાણે પ્રવૃત્તિ કરીને જૈનશાસનની સેવા બજાવી શકતા નથી. મને આવી બાબતોમાં પડવાથી લાભ તથા આત્મહિત અવબોધાતું નથી. તથી મારી ઉપર્યુક્ત બાબતમાં ઉપેક્ષા દેખીને બન્ને પક્ષ તરફના લોકો ગમે તે માની લે છે તો પણ મારે તો પણ મારા વિચારોને અવલંબીને ચાલવાનું છે મારાથી બને ત્યાંસુધી કોઇને હરકત ન થાઓ એમ ઇચ્છું છું. જૈનાગમોના અનુસારે સત્યનો ઉપદેશ દેવો અને જૈનાગમોથી વિરુદ્ધ કોઇનું મંતવ્ય હોય તો તે ન માનવું અને જૈન શાસનની ઉન્નતિ અર્થે જે યોગ્ય લાગે તે શુભ પ્રવૃત્તિ કરવી એમ મને ઠીક લાગે છે. જૈનાગમોના આધારે ઉપદેશ દેવો અને બને ત્યાંસુધી જૈન સંઘમાં કલેશની ઉદીરણા ન થાય એવી રીતે ધર્મપ્રવૃત્તિ કરવી એમ મારૂં મન્તવ્ય છે. તમો જૈન સંઘમાં શાન્તિ વર્તે એવા હાલમાં જ ઉપાયો લેશો તો ભવિષ્યમાં જૈન સંઘને અનિષ્ટ પરિણામ ભોગવવું પડશે નહિ. અહંકાર ત્યાગ અને સમયસૂચકતા એ બે ગુણોને લક્ષ્યમાં રાખીને જૈન ધર્મના આગેવાનો હાલ પ્રવૃત્તિ કરશે તો જૈન શાસનની શોભામાં વધારો થશે. જૈન ધર્મના પ્રવર્તકોએ દીર્ઘ દ્રષ્ટિ અને સમય સૂચકતા વાપરીને જૈન શાસનની ઉન્નતિમાં ભાગ લેવો જોઇએ. જૈન સંઘમાં સામાન્ય જે કલેશની ઉદીરણા ચાલે છે તેની સામા આંખ મીંચામણાં કરીને આગેવાનો બેસી રહેશે તો બે કાચંડાની લડાઇથી જેમ આખા વનનો અને તેમાં રહેનાર પ્રાણીઓનો નાશ થયો એમ જૈન સંઘમાં પણ તેનાથી કિંચિત હાનિ પ્રાપ્ત થઈ શકશે. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ જૈન સંઘ પાંચમા આરાના છેડા સુધી પ્રવર્તવાનો છે. જૈન શાસનમાં કોઈ પન્થ ઉભો કરવા માગશે તો તે ચાલનાર નથી, સત્યના બળથી અસત્યનો નાશ થાય છે. ભિન્ન ભિન્ન સંઘાડાના સાધુઓમાં જો સંપ હશે તો તેઓના સામું કોઇનાથી જોઇ શકાશે નહિ. જૈન ધર્મની રીતિએ જે ચાલશે તે મોક્ષ પ્રાપ્ત કરી શકશે. કેટલાક ઉછાંછળા લેખકોથી જૈનોના મનમાં અસદ્ વિચારોની અસર થાય છે. જુનો અને નવો એ બે જમાનાને ઓળખી જૈનાગમોને બાધા ન આવે તે પ્રમાણે ચતુર્વિધ સંઘ પ્રવૃત્તિ કરે તો ખરેખર જૈન ધર્મની ઉન્નતિ થયા વિના



For Private And Personal Use Only

રહે નહિ. કેળવાયેલાઓએ જૈન શાસ્ત્ર સંબંધી ઘણું જાણવું જોઇએ. સામાન્ય મતભેદોને દૂર કરીને એક બીજાની સાથે પ્રેમ ધારીને પ્રવૃત્તિ કરવી જોઇએ. પ્રતિપાદક શૈલીથી જૈન લેખકોએ લેખો લખવા જોઇએ. જો કે તેમાં પણ કંઇ એકાન્તે કહેવાનું નથી

દુનિયામાં મતભેદ હોય છે. પરસ્પર એક બીજાના વિચારોમાં પણ મતભેદ પડે છે પણ મતભેદનો અપેક્ષાએ અંત લાવી શકાય છે. મતભેદના વિચારોનું સાપેક્ષનયવાદથી સમાધાન લાવી શકાય છે. વિવેક બુદ્ધિથી મતભેદ ટાળવા જોઇએ. પણ મતભેદથી સ્થૂલ જગતમાં કલેશના આન્દોલનો ન પ્રગટે એવો હૃદયમાં ખ્યાલ લાવવામાં આવે તો કદાગ્રહનો અંત આવી જાય. જેઓને નયોની અપેક્ષાએ આગમોના આધારે વિવેક બુદ્ધિ પ્રગટી હોય છે તેઓ મતભેદથી સ્થૂલ જગતમાં યુદ્ધ દેવને આમંત્રણ કરતા નથી. મતભેદથી પરસ્પર મળેલાં અંતઃકરણ જુદાં થાય છે અને જે આંખમાં પ્રેમ હોય છે તે આંખમાં દ્વેષ પ્રકટે છે. એક જિનાજ્ઞાની સાંકળે બંધાયેલા સંઘમાં મહાન ભેદ પ્રકટે છે. મતભેદથી ગુરુ અને ભક્તનાં હૃદય જુદાં પડે છે. મતભેદ પડાવનારા મનુષ્યો શાંતિના સામ્રાજ્યમાં રાક્ષસનું આચરણ આચરે છે. મતભેદ ગમે તેટલા પડો વા કોઇ પડાવો તો પણ જેઓની સ્યાદ્વાદ દૃષ્ટિ થઇ હોય છે તેઓ તો નયોની અપેક્ષાએ સર્વમાંથી સત્ય જુએ છે. હલાહલને પણ જે અમૃત રૂપે પરિણમાવી શકે છે તે સામાન્ય બાબતને શુભ રૂપે પરિણમાવે તેમાં શું આશ્ચર્ય ? તદ્વત તેઓ મિથ્યાશ્રુતને પણ સમ્યકશ્રુત રૂપે પરિણમાવી શકે છે. તેઓને મતભેદ પક્ષપાતની કંઇ અસર થઇ શકતી નથી. મનુષ્યો સ્યાદ્વાદ દૃષ્ટિથી સઘળું વિલોકે તો મતભેદોને સહેજે દૂર કરી શકે, વા મતભેદ યુદ્ધ આરંભે નહિ. જેઓના મનમાં રાગદ્વેષનો નાશ કરવાની ઇચ્છા વર્તે છે તેઓ મતભેદના પક્ષપાતમાં પડીને પોતાના આત્માનું તથા અન્યોનું અકલ્યાણ કરવા પ્રયત્ન કરતા નથી. આ જગતમાંથી સર્વથા સર્વદા સર્વમાં મતભેદ ન પડે એમ તો કદી બની શકે નહિ. મતભેદથી મગજ તપાવીને કરુણા અને મૈત્રીભાવને દેશવટો આપીને અન્ય મનુષ્યોનું અશુભ તો કદી ઇચ્છવું જોઇએ નહિ. જૈનાગમો ઉદારભાવ શિખવે છે અને ઉદારભાવ રાખવાનું કહે છે તથા મતસહિષ્ણુતાને ક્ષમાના પાઠ તરીકે જણાવીને તેને આચારમાં મૂકવાનું કથે છે. પરંતુ તેથી એમ ન સમજવું કે સત્યોપદેશ દેવાનું કાર્ય બંધ કરી દેવું. આગમોમાં કથેલી અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને જૈનશાસનના સેવક બનીને આખી દુનિયા આગળ સત્ય ધર્મ ધરવામાં જે દુઃખો આવી પડે તે સહેવાં અને જગતને ઉદારભાવ તથા મત સહિષ્ણુતાનો પાઠ શીખવવો અને આગળ વધવું. અજ્ઞાન મનુષ્યોની અનુપયોગી ધાંધલથી સુજ્ઞ મનુષ્યોએ સત્યમાર્ગનો પરિહાર કરી અસત્ય માર્ગમાં, પગલું ન દેવું જોઇએ. પક્ષાપક્ષીમાં અસત્ય અને બીનઉપયોગી ધાંધલ ચાલતી હોય છે અને તેનું પ્રાબલ્ય વધીને અન્યોને આડે માર્ગે દોરવાનું રૂપ લે છે ત્યારે અપેક્ષા શૈલીને જાણનારા સુજ્ઞ મનુષ્યો સત્યને હૃદયમાં રાખીને સત્યનો જય ઇચ્છે છે અને આજુબાજુના સાનુકૂળ સંયોગો કે જે વડે સમાધાન થાય તેવું નથી જોતા તો તત્સમયે તટસ્થ જેવી દશા ધારણ કરે છે અને સત્યને અપેક્ષાએ જણાવે છે તેવા સમયમાં તેઓને ઘણું સહેવું પડે છે અને તેવી દશામાં આત્મબળ કેટલું છે તેની ખરેખરી કસોટી થાય છે. મતભેદને નિવૃત્ત કરવાની શક્તિ ખરેખર સ્યાદ્વાદ ભાવમાં રહી છે. જ્યાં સુધી દુનિયાને સ્યાદ્વાદભાવનું ઉચ્ચ જ્ઞાન નહિં થાય ત્યાં સુધી મતભેદરૂપ મગરના મુખમાંથી નીકળી શકવાની નથી. આખી દુનિયામા તે શક્તિ પ્રગટ થાય એમ આપણી ભાવના છે.

આપણે તો સ્યાદ્વાવાદ દૃષ્ટિએ સર્વમતભેદોને સમાવવા પ્રયત્ન કરવો જોઇએ. વાયુના યોગે દીપકની શિખા કંપે છે, પરંતુ જો વાયુ નથી હોતો તો દીપકની શિખા સ્થિર રહે છે. તદ્વત્ જ્યાં સુધી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્મામાં એકાન્ત દૃષ્ટિ હોય છે ત્યાં સુધી મતભેદથી આત્મા મનની ચંચળતા પ્રગટ કરે છે અને પોતે પારકાના દુઃખે ચંચળ બને છે. અન્ય મનુષ્યોની મતભેદ દૃષ્ટિ હોય તેથી તેઓના ઉપર દ્વેષ કરીને જ્ઞાનીઓએ ચંચળ બનવું જોઈએ? અને શા માટે એકાન્ત દૃષ્ટિઓ ઉપર દ્વેષ કરવો જોઈએ? દર્દીઓનો રોગ દેખીને દર્દીઓ ઉપર ડોકટરોએ શા માટે ખેદ વા દ્વેષ કરવો જોઈએ? ડોકટરોએ તો દર્દીઓનો રોગ ટાળવા પ્રયત્ન કરવો જોઈએ, અને તેઓના ઉપર દયાભાવ લાવવો જોઈએ એક દર્દીના સંસર્ગથી અન્યોને રોગનો ચેપ લાગે એવું જો ધારવામાં આવે તો તે ઠીક છે પણ ડોકટરોએ અન્ય મનુષ્યોને જણાવવું જોઈએ કે અમુક રોગીનો સંસર્ગ ન કરવો પણ રોગીના ચેપને લીધે પ્રયોજન વિનાની અને ઘણાઓને હરકત કરનારી એવી નકામી ધાંધલ કરવાની પ્રવૃત્તિ કોઈ રીતે પ્રશંસવા યોગ્ય ગણી શકાય નહિ. વિવેક, વૈરાગ્ય, બ્રહ્મચર્ય, શુદ્ધ પ્રેમ, ઉત્તમ બંધારણો વડે અન્ય મનુષ્યોને ધર્મમાર્ગ તરફ વાળી શકાય છે. સત્ય કદી છાનું રહેવાનું નથી અને અસત્ય કદી ખોટું પડ્યા વિના રહેવાનું નથી. મતભેદનો નાશ કરવાની ઈચ્છાવાળાઓએ કોઈએ પોતાના મનમાં જેજે વિરોધી વિચારો થતા હોય તે એકદમ કહેવા નહિ અને બનતા પ્રયત્ને એવા ઉપાયો લેવા જોઈએ કે મતભેદની ઉપશાન્તિ થાય.

શાન્ત મન કરીને સર્વત્ર શાંતિ પ્રસરાવવા બને તે ઉપાયો કરવા. જે ભાવિ હોય છે તે બને છે અને તે પ્રમાણે સંયોગો મળે છે. સર્વનું ભલું થાઓ. સર્વત્ર શાંતિ પ્રસરો એવી ભાવના સફળ થાઓ. મનુષ્યોએ કાચા કાનના થઈને એક પક્ષી મત કદી બાંધી લેવો નહિ. કોઈ પણ બાબતનો મત બાંધતાં પહેલાં પોતાના હૃદયમાં સત્યનો નિર્ણય કરવા પ્રયત્ન કરવો જોઈએ. દુર્જનો અનેક પ્રકારના ગપ્પ ગોળાઓ ફેંકે છે, તે ગપ્પ ગોળાઓને કાનના કાચા અને અક્કલના આંધળા મનુષ્યો સત્ય માની લે છે. પરસ્પર એકબીજાના દ્વેષથી યુક્તિબાજો એવી અકલ્પનીય વાતો કરે છે કે જેથી આગળ પાછળનો વિચાર નહિ કરનારા અને બાબા વાક્ય પ્રમાણં એમ માનનારા જીવો તો તે ગપ્પોને સત્ય માનીને ઘણી ભૂલો કરીને આડા માર્ગે દોરાય છે. માટે ક્લેશની ઉદીરણાના કોલાહલોમાં થતા અકલ્પનીય પ્રપંચોથી શૂરા મનુષ્યો એકદમ કોઈપણ જાતનો અમૂક વ્યક્તિ સંબંધી મત બાંધી લેતા નથી અને સમ્યગ્ ઉપયોગ વડે ચારે બાજુઓની તપાસ કરીને અમુક નિર્ણય પર આવવા પ્રયત્ન કરે છે. કોઈનાથી વિરૂદ્ધ મત બાંધવામાં ભૂલ ન થાય એમ વારંવાર વિચાર કરે છે, તથા જાતે તપાસ કરીને કોઈ બાબતનો અભિપ્રાય આપવો હોય તો તે આપી શકે છે.

ઉપર્યુક્ત બાબતો પર ધ્યાન આપીને ગ્રાહ્ય સારને આકર્ષશો અને સદ્બુદ્ધિથી સ્વપરના હિતાર્થે જે યોગ્ય લાગે તે કરશો. આ કાળમાં ગુણાનુરાગ ધારણ કરે તેઓને ધન્યવાદ ઘટે છે આ કાળમાં ગુણો મૂકીને કાકની પેઠે ચાંદાં ખોળનારા મનુષ્યોની ખોટ નથી. અવગુણો કોઈનામાં દેખવામાં આવે તેમાં કંઈ આશ્ચર્ય નથી. આ કાળમાં ગુણ દેખવામાં આશ્ચર્ય છે. દોષ દેખનારા તો લાખો મળી આવે છે પણ દોષોને ટાળવાનો ખપ કરનાર તો લાખોમાં થોડા મળી આવે છે. જૈન શાસનની ઉન્નતિ થાય તેવા કાર્યો કરવામાં સદાકાળ લક્ષ્ય આપતા રહેશો. જૈનધર્મ પામીને જે મનુષ્યો પ્રમાદ કરે છે તે ચિન્તામણિ સમાન નરભવને હારી જાય છે.

लब्ध्वापि शासनं जैनं, यो रागादिषु रज्यति ।
स हारयति काचेन, मूढश्चिंतामणिं हहा ॥

જૈનાગમોની શ્રદ્ધા, અને તેઓનું શ્રવણ, મનન, વિરતિ, પ્રભુભક્તિ, વ્રતની આરાધના, સંઘની ભક્તિ, જૈન શાસનની પ્રભાવના ઈત્યાદિ વડે સ્વાત્માનો પ્રકાશ કરશો અને અન્ય જીવોનું કલ્યાણ કરવા પ્રયત્ન કરશો.

ॐ शान्तिः ३ મુંબાઈ-લાલબાગ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુંગા જીવોના શ્રાપ

લેખક : અમરચંદ માવજી શાહ-તળાજા

સંવત ૧૯૯૦-૯૧ની સાલમાં મારા હાથમાં શ્રી મણીકાંત કાવ્યમાળાની 'નિર્ભાગી નિર્મળા'ની બુક આવી. તે વાંચતો હતો. તેનું કરુણ ચિત્ર વાંચી મારા હૃદયમાં વેદના થયેલી. તેમાં લખ્યું હતું કે-

શશીકાંત મારા લગ્નની કંકોતરી આ વાંચજો,
કંકુ નથી મમ રકતના છાંટા કર્યા તે જાણજો.

આ અરસામાં હું સંવત ૧૯૮૪ની સાલથી એક ગાયો-ભેંસોના તબેલાવાળા દુધના વેપારીને ત્યાં મહેતાજી તરીકે નોકરીમાં હતો, તે દરમ્યાન મેં ગાયો ભેંસો દૂધ ઉપરથી વસુકી જાય એટલે કત્તલખાને વેચાય. અને તેના પાડ, પાડી, વાછરડા, વાછરડીને દુધ છોડાવીને ભૂખ્યા તરસ્યા મરવા દે. આ બધી કરૂણ કથની મેં નજરે જોયેલી, અને મારૂં હૃદય દ્રવ્યા કરતું. આ જાણ મને એક ભેંસ એ રીતે કત્તલખાને તાજી વીંયાયેલી આવેલ છતાં તેનું બચ્ચુ મરી જવાથી તે વટકી ગઇ. એટલે તેને કત્તલખાને વેચી દીધેલી તે વાત પેઢી-માં મેં તેઓના મુખથી સાંભળી હું ઉકળી ઉઠયો. હું પાપની ગાદી ઉપર બેઠો છુ તેનું મને ભાન થયું. તે ભેંસને બચાવવા મેં બીડુ ઝડપ્યું. અને મેં તે માટે પ્રયાસ કર્યો. મુંબઈની શ્રી જીવદયા મંડળી દ્વારા તે ભેંસને રૂા. ૬૦) માં ખરીદી પાંજરાપોળમાં મુકી તે વખતે મને હર્ષના અશ્રુ આવી ગયા. કે ભેંસને અભયદાન મળ્યું અને આવી રીતે આ જીવદયાનું કાર્ય કરવાની મને ભાવના જાગી.

મુંબઇ નગરમાં આવીઓ, મળી નોકરી આ લાઇનમાં,
દુઃખો સુણ્યા નજરે દીઠા, કકળી ઉઠયો મમ આતમાં,
મુંગા બિચારા પ્રાણીઓનાં, દુઃખ ઓછાં કેમ કરૂં,
ભાવના જાગી દયાની, તક મળી સાર્થક કરૂં.

દયાલંકાર શેઠશ્રી લલ્લુભાઇ દીપચંદ ઝવેરી, પ્રમુખશ્રી જીવદયા મંડળી. તથા રા. બ. શ્રી જયંતીલાલ એન. માન્કરનું આશ્વાસન મળ્યું. તા. ૧૩-૮-૧૯૨૮ થી જીવદયા મંડળીને પગથીયે પહોંચ્યો. અને હૃદયની ભાવનાથી જીવો છોડાવાનું કાર્ય શરૂ કર્યું. માનદ્સેવક તરીકે જીવદયાની પ્રવૃત્તિમાં ખૂબ જ ઓતપ્રોત થયો. લેખો, કાવ્યો આ વિષયનાં લખવા શરૂ થયા અને તે જીવદયા ગોથાસ તથા દૈનિક પત્રોમાં સને ૧૯૩૦-૩૧ થી શરૂ થયા. અને હજારો જીવોના અભયદાનનું નિમિત્ત બન્યો.

આ નિર્ભાગી નિર્મળાની કથની વાંચતા મને વિચાર આવ્યો કે, મુંબઇની ગાયો, ભેંસોની કરૂણ કથની આથી પણ વધુ કરૂણ છે. અને તેને વાચા આપવાની તમન્ના જાગી, "હિંદનુ હણાતુ હણાતુ હિર યાને મુંબઈના દુધાળા ઢોરોની કરૂણ કથની"નું હરિગીત છંદમાં કાવ્ય શતક લખવું શરૂ કર્યું અને એક ભેંસ પોતાની કથની કહી રહી છે તે રીતે તેની રચના શરૂ કરી.

કથની સુણો મમ જીવનની, વાચા વગરના પ્રાણીની,
માનવતણા ઉપકારીની, કરુણા ભરેલા જીવનની;
મમ દુઃખની કથની સુણી, કરુણા તમોને આવશે,
પીગળે હૃદય તેથી કરી, અશ્રુ જરૂર વહાવશે.

એ રીતે શરૂ કરી, ગ્રામ્ય સુખી જીવન મુંબઇના વેપારીઓને વેચાણ તબેલાની તકલીફો, બચ્ચાનું મરણ, કસાઇખાને વેચાણ, ભયંકર કત્તલ, આ બધો ચિતાર તથા કત્તલનું કારણ કત્તલનું પરિણામ વિગેરે વર્ણન કરૂણ રીતે લખાયું.

શ્રી શીવલાલ મુળચંદ શાહ પણ આ કાર્યના અનુભવી હતા. તેમણે આ હકીકતોની બુક પ્રસિદ્ધ કરી હતી. અને મે જાતે વાંદરાનું કત્તલખાનું નજરે જોઇ તેનો હૃદય દ્રાવક ચિતાર પ્રકાશીત કર્યો હતો. તે વર્ણન આ કાવ્યમાં કરતા જ્યારે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભેંસ કસાયની છુરી નીચે કત્તલ થાય છે, ત્યારે તે હાય વરાળ ઠાલવે છે. અને શ્રાપ વરસાવે છે. તે રીતે તેના ઓછામાં ઓછા શબ્દો મુકી નીચેની પંક્તિ લખેલી.

મારા હણાવાથી થશે, દુષ્કાળ દૂધ ને ઘી તણા,
લોકો પિડાશે દર્દથી, આ શ્રાપ મારા જાણવા;
બાળકો નહિં દુધ પામે, બચ્ચા અમારા મારતા,
લોકો રીબાશે દુઃખથી, આ દૂધના ઝરણા જતા.

આ ૪૦ વર્ષ પહેલાની ભવિષ્યવાણી જેવી ઘટના એ વખતે લખાઇ ગઇ. તે વખતે બ્રીટીશ સરકાર હતી. ત્યારપછી ભારત સ્વતંત્ર થયું. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ આ કત્તલ વી. બાબત જણાવેલું કે 'સો દર્દની એક દવા' "સ્વરાજ્ય" એ સ્વરાજ્ય મળ્યું ને પૂ. બાપુજી. પણ ચાલ્યા ગયા. ભારત સરકારે ત્યારપછી આ ભારતના ચાર પાયા ગાય–ગોવાળ-ખેતીને ખેડુતને મજબુત કરવાને બદલે આધુનિક યંત્રીકરણ અને મોજશોખ, આદિમાં પ્રગતિ કરી, દેશમાં ખાવા–પીવાની–વસ્તુઓ દૂધ-ઘીની ભયંકર તંગી સર્જાઈ. દૂધ–ઘીના બદલે મુંગા જીવોના લોહીની નદિઓ વહાવવા યાંત્રિક કત્તલખાનાઓ વધાર્યા ભારતનું પશુધન એ અવળી નીતિમાં કત્તલખાનાઓમાં ઘસડાઇ ગયું. માંસ, હાડકા, ચામડા, લોહી, ચરબીનાં વ્યાપારો અને નિકાસો શરૂ થઇ. ઝાડના ફળ ખાવાને બદલે ઝાડ કાપીને ખાવા લાગ્યા. અને ભારત દેશ અત્યારે રોટી રમખાણોમાં સપડાઇ ગયું છે. ગામડાઓમાં પણ છાશ વસ્તુ જેવી દુર્લભ થઇ છે. દૂધ બે રૂપીએ શેર ઘી પચ્ચીસ રૂપીએ શેર તે પણ ચોખ્ખા નહીં. આટલી હદ સુધી લોકશાહીમાં આપણું મહામુલુ પશુધન ખલાસ થયું. પરદેશનું અનુકરણ મરણફળમાં પરિણમ્યું. મોંઘવારી અછતમાં ભારતની પ્રજા સપડાઈ ગઇ. અહિંસાથી મેળવેલી સ્વતંત્રતા હિંસાથી દૂષિત થઇ. અહિંસામાંથી 'અ' નીકળી ગયો અને તે અસત્ય, અન્યાય, અનિતી, અત્યાચાર અનાચાર આદિમાં પેસી ગયો. ધર્મને બદલે અધર્મ ફેલાઈ ગયો. સત્ય, ન્યાય, નીતિનું દીવાળું નીકળી ગયું.

મુંગા જીવોનાં શ્રાપ રોજ ભારતની પ્રજાને લાગી રહ્યા છે. દયા, કરૂણાનો લોપ થતો જાય છે. માનવતા મરી પરવારી છે. કેટલું વર્ણન કરવું? શ્રાપનું પ્રાયશ્ચિત કરવા માટે હિંસાને માર્ગેથી દેશને બચાવો. મુંગા ઢોરોનું રક્ષણ કરી ખેતી-વાડી દ્વારા દૂધ, ઘી, છાશ, અન્નફળ આહાર વધારો માંસાહાર બંધ કરાવો. આર્યસંસ્કૃતીનું રક્ષણ કરવા કટીબદ્ધ થાઓ.

ૐ શાંતિઃ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાપનો ડંખ

મનસુખલાલ તારાચંદ મહેતા

'તાઓ' વાદના જનક મહાત્મા લાઓત્સેનો મહાન શિષ્ય ચૂઆંગ-ચો, ચીનના એક ભાગમાં મોટો આશ્રમ વસાવી પોતાના શિષ્ય સમુદાય સાથે તાઓવાદના પ્રચાર કાર્યમાં લાગી ગયો હતો. વાંગસાન તેમનો પટ્ટધર હતો અને ચૂઆંગનો પડતો બોલ ઝીલી લેતો. વાંગસાન યુવાન, સશક્ત, વિદ્વાન અને પ્રતિભાશાળી હતો તેની પડછંદ કાયા પર જ્ઞાન અને બ્રહ્મચર્યનું ઝળહળતું તેજ ચમકી રહ્યું હતું અને સૌને પરાણે વહાલો લાગે તેવો મીઠો અને મધુર તેનો સ્વભાવ હતો. વાંગસાન ચૂઆંગના જમણા હાથરૂપ હતો અને આશ્રમનો વહીવટ પણ મોટાં ભાગે તેના શિરે જ હતો.

ચૂઆંગ મહાન ધર્મગુરુ અને આધ્યાત્મિક વલણ ધરાવતો હોવા છતાં વ્યવહારમાં પાછો સાંસારિક જીવ હતો. તેની પ્રથમ પત્ની બે દશકાનો સુખી ગૃહસ્થાશ્રમ ભોગવી મૃત્યુ પામી હતી. તે પછી તેણે ફરી લગ્ન તો કર્યાં હતાં, પણ ચૂઆંગનું વ્યાવહારિક જ્ઞાન અલ્પ. પ્રથમ પત્ની અને ચૂઆંગ સમવયસ્ક હતા અને પત્ની પતિની પ્રકૃતિ બરોબર સમજી ગયેલી, એટલે તે તો તેને બધી રીતે અનુકૂળ થઈ ગઈ હતી. સાંસારિક જીવન વ્યવહારનો તમામ બોજો તેણે ઉપાડી લીધેલો અને તેઓનું દાંપત્ય જીવન અત્યંત સુખી નીવડ્યું તેથીજ પત્નીના મૃત્યુ પછી તેના માટે બીજાં લગ્નની જરૂર ઊભી થઇ. બહુ પ્રેમાળ, સ્નેહાળ અને પતિ વાત્સલ્ય પત્નીનાં પતિને જેટલું સુખ હોય છે, તેટલું જ દુ:ખ ભોગવવું પડે છે. આવા ભાગ્યશાળી પતિદેવો સાંસારિક જીવનમાં નિશ્ચિત અને આરામશીલ બની જતાં હોય છે, અને પછી પત્ની ન હોય ત્યારે તેઓ પાંગળા અને રાંકડા બની જાય છે. તેમનું જીવન દુ:ખરૂપ અને દયાજનક બની જતાં બીજી પત્ની કરવા લલચાય છે. લગ્ન પછી નવી પત્નીને પ્રથમ પત્ની સાથે સરખાવતાં તેનામાં ઊણપ અને કચાશ લાગે છે અને પરિણામે સુખ અને શાંતિને બદલે દુ:ખ અને સંતાપ અનુભવાય છે. ચૂઆંગના જીવનમાં પણ કાંઈક આવું જ બનેલું અને તેથી તેનું બીજું લગ્ન છૂટાછેડામાં પરિણમ્યું.

પ્રથમ પત્ની સાથેના દાંપત્ય જીવનમાં ચૂઆંગ સાંસારિક ઉપાધિઓથી મુક્ત રહેલો, એટલે બીજા લગ્ન છૂટાછેડામાં પરિણમ્યાં હોવા છતાં સાંસારિક જીવનનો બોજો સહેવા તે તૈયાર ન હતો. ચૂઆંગે ફરી એક યુવાન, સંસ્કારી અને રૂપવતી કન્યા તિયેન સાથે ત્રીજીવાર લગ્ન કર્યાં. તિયેન અસાધારણ સ્વરૂપવાન અને ભારે પ્રતિભા સંપન્ન નારી હતી તેણે પ્રથમ પત્ની માફક ગૃહસ્થાશ્રમનો તમામ બોજો ઉપાડી લીધો અને ચૂઆંગ પાછો નિશ્ચિંત બન્યો. પરંતુ તિયેન પોતે કાંઇ ચૂઆંગની માફક વિરક્ત નહોતી. સંસારની સામાન્ય નારી માફક તેને પણ રંગીલા સંસાર માટે ઊંડે ઊંડે તીવ્ર કોડ હતા. લગ્ન પછી તેની એવી બધી મનોકામનાઓ ચૂઆંગ સાથેના સહજીવનમાં સાકાર ન બની શકી. પોતે સંસ્કારી હતી એટલે ચૂઆંગને સાનુકૂળ બનવા તેણે તેના મનની એવી કામનાઓ કચડી નાખવા અથાગ પ્રયત્નો કર્યાં. પરંતુ માનવમનના પ્રવાહ કે આવેગને જેટલો વધારે રોકવાનો પ્રયત્ન કરવામાં આવે, તેટલો જ તે વધારે પ્રબલ બનતો હોય છે. આમ છતાં માનવી પોતાની વૃત્તિનું શુદ્ધીકરણ કરી પરિવર્તન ચોક્કસ કરી શકે, પણ એને દાબી કે કચડી નાખવાથી તો તેના મૂલ્ય વ્યાજ સાથે ભરપાઇ કરવા પડે છે.

ચૂઆંગનો પટ્ટધર વાંગસાન એક પ્રખર ચિત્રકાર પણ હતો. ચિત્રકળામાં તે એવો તો નિષ્ણાત હતો કે નદી, સમુદ્ર કે પહાડમાં જે નૈસર્ગિક સૌન્દર્ય જોઈ શકાય છે, તે કરતાં તેના આવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચિત્રોમાં અધિક સૌન્દર્યના દર્શન થતા. આવી અદ્ભુત કળા વાંગસાનને કુદરતની એક અનોખી બક્ષિસ હતી. ધર્મશાસ્ત્રોમાં તિયેનની ચાંચ ડૂબે તેવું ન હતું, તેથી બાલ્યાવસ્થામાં ચિત્રકળાનો જે શોખ હતો તેને વાંગસાનની સહાય વડે વધુ કેળવવાનું મન થયું. ચૂઆંગે પણ તેની આવી ઇચ્છાને પ્રોત્સાહન આપ્યું અને તિયેનને આ કળા શીખવવા વાંગસાનને આજ્ઞા કરી.

પછી તો ઉત્સાહપૂર્વક તિયેને વાંગસાન પાસે ચિત્રકળા શીખવાનું શરૂ કર્યું. તિયેન અને વાંગસાન બંને સમવયસ્ક અને યુવાન હતા. તિયેન આમ છતાં વાંગસાન માટે ગુરુપત્ની એટલે માતા રૂપ હતી અને આજ રીતે તેઓનો વ્યવહાર હતો. પરંતુ ચિત્રકામ શીખવતી વખતે તિયેનના હાથનો સ્પર્શ વાંગસાન માટે અનિવાર્ય બનતો. યુવાન સ્ત્રી અને પુરુષ વચ્ચેના સાહચર્યથી બંનેમાં એક એવું સામાન્ય તત્ત્વ ઉત્પન્ન થાય છે કે જે, એકબીજાના વિરોધી સ્વભાવ, પ્રકૃતિ અને ઉછેર છતાં એકમેકના નીકટ આવતાં લોહચુંબકની માફક ખેંચાય છે અને આકર્ષણ ઉત્પન્ન થાય છે. સ્ત્રી અને પુરુષ વચ્ચેના આવા આકર્ષણના પરિણામે માનવ જન્મ આકાર લેતો હોય છે, તેથી આવા આકર્ષણને સહજ અને સ્વાભાવિક જ માનવાં રહ્યાં.

એક દિવસ તિયેન વાંગસાન સામે બેસી ચિત્રકામ કરી રહી હતી, ત્યારે એકાએક તેના હાથે ખાલી ચડી ગઈ અને હાથ ભારે થઇ ગયો. સ્વાભાવિક રીતે કે પછી મનની કોઇ અગમ્ય ઇચ્છાની તૃપ્તિ અર્થે, તેણે પોતાના હાથને એકદમ દાબી દેવા વાંગસાનને કહ્યું, પરંતુ એવી ક્રિયાના કારણે બંનેનાં મન દૂષિત બન્યાં. અરસપરસ એકબીજાએ એકબીજાની આંખમાં વિકાર અને વાસના જોયા. પછી તો ધીમેધીમે વિવેક, ચારિત્ર ધર્મ અને સંયમના બંધનો ઢીલા પડતા ગયા અને અંતે લપસી પડ્યાં. એ માર્ગે જતાં બંનેને એમ તો ચોક્કસ લાગતું, કે તેઓ ચૂઆંગના વિશ્વાસનો ભયંકર દ્રોહ કરી રહ્યાં હતાં. પરંતુ કાદવ અને કીચડના કૂવામાં પડી ગયા પછી, તેમાંથી બહાર નીકળવું ભારે કઠિન છે. ઇન્દ્રિયો પર કાબૂ રાખવાને બદલે, ઇન્દ્રિયો જ્યારે મનને પોતાની ઇચ્છા મુજબ નચાવતું થઇ જાય છે, ત્યારે એવા માનવનું અધઃપતન અનિવાર્ય છે. તિયેન અને વાંગસાન બંને સંસ્કારી અને સમજુ હતા, પરંતુ બંનેની પરિસ્થિતિ માર્ગભૂલેલાં પથિકો જેવી થઇ ગઇ હતી. અલબત્ત, ચૂઆંગને તો સ્વપ્નમાં પણ આ કોઇ વાતની ગંધ પણ નહોતી. તિયેનનો ચૂઆંગ સાથેનો વ્યવહાર પણ અત્યંત મીઠો અને મધુર હતો. સૂડાએ ચાંચ મારેલા ફળની મીઠાશ જેમ વિશેષ હોય છે, તેમ અપરાધી પત્ની પણ બાહ્ય રીતે તો પતિ સાથે અત્યંત પ્રેમપૂર્વક વર્તતી હોય છે. માનવ મન ભારે વિચિત્ર છે, પોતે ખોટું કરે છે એ સમજતું હોવા છતાં પણ, અન્ય કોઇ તે જાણે એમ ઇચ્છતું નથી. પુરુષના ભાવો કદાચ પ્રગટ થઈ જાય, પણ આવા ભાવોને છૂપા રાખવાની અકળ કલા સ્ત્રી જાતિને આપી બ્રહ્માએ પોતાના હાથ ધોઇ નાખ્યાં છે.

પરંતુ આમ છતાં વાંગસાનનો કોમળ અને પવિત્ર આત્મા આવા પાપનો ડંખ લાંબો સમય સહન ન કરી શક્યો. તેને થયું કે અધઃપતનની ઊંડી ખાઈમાંથી બહાર નીકળવું હોય તો તેણે આશ્રમ અને તિયેનથી દૂર થઇ જવું જોઇએ. ચિંતા, આઘાત અને વ્યથાથી તેની તબિયત લથડતી ચાલી અને ચૂઆંગની રજા લઇ તે દૂરના બીજા આશ્રમમાં ચાલી ગયો. અગ્નિ અને ઘૃત સાથે હોય ત્યાં ભડકો થયા વિના રહેતો નથી. તિયેન પોતે પણ આ વાત સારી રીતે સમજતી હતી, એટલે વાંગસાનના આવા પગલાંથી તેને આનંદ થયો, કારણ કે તેના પાપકૃત્યથી તે સભાન હતી અને તે માટે તેના મનમાં ડંખ અને આઘાત હતા, પરિસ્થિતિમાં પલટો થયો એટલે બંનેના પાપ કૃત્યનો ત્યાં અંત આવી ગયો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરંતુ પાપ અને પુણ્ય બંનેને તેના ફળો આપ્યા વિના રહેતા નથી, કુદરતનો આવો કાનુન છે. બીજા આશ્રમમાં ગયા પછી, પાપના પશ્ચાત્તાપના કારણે દિનપ્રતિદિન વાંગસાનની તબિયત લથડતી ચાલી. આત્માર્થી માનવી માટે પાપનો ભાર સહેવો એ ભારે કઠિન છે. માણસના રૂપમાં રહેલા પશુઓની વાત જુદી છે, કારણ કે એને પુણ્ય–પાપનું કશું ભાન જ હોતું નથી. પોતાનો અંતિમ કાળ નજીક છે એવું સમજી લઇ, પોતાના ગુરુદેવ ચૂઆંગને ત્યાં બોલાવ્યા. ચૂઆંગ પોતાના પ્રિય શિષ્ય પાસે તુરત પહોંચી ગયો અને જે દૃશ્ય તેણે ત્યાં જોયું તેથી સ્તબ્ધ બની ગયો. ચૂઆંગને પોતાની સમીપ બોલાવી વાંગસાને ગદ્ગદિત કંઠે કહ્યું: "ગુરુદેવ! મેં આપનો દ્રોહ અને વિશ્વાસઘાત કર્યો છે અને તેનો એકરાર આપની સમક્ષ કર્યા વિના મરૂં, તો રૌરવ નરકમાં પણ મને જગ્યા ન મળે." પછી પોતાના બંને હાથો મોં પર ઢાંકી દયાર્દ્રભાવે ડૂસકાં લેતાં બોલ્યો: "જનેતા જેવી મારી માતા તિયેન સાથે મેં અનાચાર સેવ્યો છે. તેથી છૂટવા માટે જ હું અહિં આવ્યો, પણ માનવી નાસીને ગમે ત્યાં જાય, પણ તેના અધમ કૃત્યો તેને શાંતિથી બેસવા દેતા નથી. હજારો ઝેરી સાપ અને વીંછી એકી સાથે ડંખ મારે અને જે વેદના થાય, તેથી અધિક દારુણ અને અસહ્ય વેદના મારા પાપ કૃત્ય માટે હું ભોગવી રહ્યો છું. આપ મને માફ કરો તો જ મારું મૃત્યુ કદાચ સુધરી શકે."

વાંગસાનની વાત સાંભળી ચૂઆંગના પગ નીચેની ધરતી એકાદ બે ક્ષણ માટે તો સરી જતી લાગી. પણ ચૂઆંગ ભૌતિક જગતનો માનવી ન હતો, તે તો સાચો જ્ઞાની હતો. આવા સંતો જીવન વ્યવહારમાં જો કે નિપુણ નથી હોતા, પણ જ્ઞાનના બળે પ્રકૃતિ અને સંસાર સાથે તેનો એવો ગાઢ સંબંધ હોય છે, કે કોઈ પણ આઘાતજનક બનાવને તે બહુ સહેલાઇથી પચાવી જાય છે. આવા સંતો આઘાત પ્રત્યાઘાતના નિયમને વશ ન થતાં તેનાથી પર થઈ ગયેલાં હોય છે. વસ્તુ અને બનાવોને જોવા સમજવાની તેમની પાસે એક વિશિષ્ઠ દૃષ્ટિ હોય છે. મનની સમતુલા જાળવી તેઓ બધું તટસ્થ દૃષ્ટિથી જુએ અને વિચારે છે. અન્યનાં અપરાધ અંગે વિચારી નિર્ણય લેતાં પહેલાં, સૌથી પ્રથમ તો તે અપરાધની પાછળ રહેલાં કારણોનો વિચાર કરે છે. જેને આવી દૃષ્ટિ પ્રાપ્ત થઈ હોય, તે માનવી પછી અન્યના અપરાધ પ્રત્યે દયા અને કરુણા બતાવતો જ થઈ જાય છે. ક્રોધ, તિરસ્કાર અને ધૃણાની વૃત્તિ તેનામાં જાગી શકતી જ નથી.

શિષ્યની વાત સાંભળી તેને આશ્વાસન આપતાં ગંભીરભાવે ચૂઆંગે કહ્યું: "વાંગસાન! જે કાળે જે બનવાનું નિર્માણ થઇ ચૂક્યું હોય છે, તે મુજબ બધું બનતું હોય છે. ગૃહસ્થાશ્રમ એ પણ એક પ્રકારનો યોગ છે. દાંપત્ય જીવનની સફળતાનો આધાર સ્ત્રી કરતાં પુરુષ પર વધુ અવલંબે છે. પત્નીની જરૂરિયાતો, ઇચ્છાઓ, આકાંક્ષાઓ, કામનાઓ અને અરમાનો સમજીને પૂરાં કરવાને બદલે, મેં મૂર્ખાએ પત્નીઓ સાથે ગુરુ–શિષ્યા જેવો સંબંધ રાખ્યો. મારી એક પણ પત્નીને માટે હું યોગ્ય પતિ ન બની શક્યો અને મારી આવી ભૂલના જ કારણે અતૃપ્ત તિયેન અને તારે અવળે માર્ગે જવું પડ્યું. તમારા બંનેની સ્ખલનાનું નિમિત્ત તો હું બન્યો છું, એટલે આ સમગ્ર કિસ્સામાં વધુમાં વધુ ગુનેગાર તો હું પોતે જ છું. પણ હવે અત્યારે આ બધી વાતને ભૂલી જઇ, તારા ચિત્તને તું પરમ કૃપાળુ ઇશ્વરની સાથે જોડી દે. પાપને પાપ તરીકે ઓળખી લીધાં પછી, એવો માણસ પોતાના જીવનનું ભવ્યમાં ભવ્ય રૂપ પ્રાપ્ત કરી શકે છે અને અત્યારની ઘડીએ હું તારામાં એવું ભવ્ય રૂપ જોઈ શકું છું. જે બધું થયું તે પરમ કૃપાળુ પરમાત્માએ આપણને બોધપાઠ દેવા કર્યું, એમ માની વેદનામાંથી મુક્ત બની જા!"

વાંગસાને પછી અત્યંત શાંતિપૂર્વક અંતિમ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્વાસ લીધો. ચૂઆંગે પોતાના કર્તવ્યનો એ જ પળે નિર્ણય લઇ લીધો. પરકાયા પ્રવેશની યોગ વિદ્યા દ્વારા તેણે વાંગસાનના દેહમાં પોતાનો જીવ દાખલ કર્યો. શિષ્યોને પોતાના મૃત્યુની જાહેરાત કરવા આજ્ઞા કરી અને પોતાના દેહને સુરક્ષિત રીતે સાચવી રાખવા ભલામણ કરી. વાંગસાન જીવન્ત છે એમ માની સૌને વર્તવાનું કહ્યું અને આશ્રમના કમ્પાઉન્ડમાં પોતાની એક બનાવટી કબર કરવા સૂચના આપી. બાહ્ય રીતે ચૂઆંગનું મૃત્યુ થયું ત્યારે વાંગસાન જીવન્ત રહ્યો. ચૂઆંગ આ રીતે તિયેન પ્રત્યે પોતાથી થયેલી ભૂલ સુધારી વાંગસાનના રૂપમાં તેના યોગ્ય પતિ બની રહેવા ઇચ્છતો હતો.

આ તરફ પોતાના પતિ ચૂઆંગના એકાએક અવસાન થયાના સમાચાર સાંભળીને તિયેને જમીન સાથે પોતાનું માથું અફાળી જે અફાટ આક્રંદ અને વલોપાત કર્યાં, તે જોઇ આશ્રમવાસીઓના હૃદય દ્રવી ઊઠ્યાં. પોતાના પાપકૃત્યનો પતિ પાસે એકરાર કરી પાપથી હળવા બનવાની તેના મનની ઇચ્છા મનમાં જ રહી ગઇ. જીવન અને સંસાર પરથી તેનું મન ઊઠી ગયું અને ભિક્ષુણી બનવા માટે જતાં પહેલાં પતિની કબરના દર્શન કરવા ગઇ.

નારી હૃદયમાં કેવા કેવા પરિવર્તનો થયા કરે છે! નારી અબળા હોવા છતાં સમય આવે તે પ્રબળા પણ બની શકતી હોય છે. ચૂઆંગને તિયેનની વેદના, આઘાત અને પશ્ચાતાપના સમાચાર મળતાં પોતાના અસલ દેહમાં જીવનું પરિવર્તન કરી ચૂઆંગ રૂપે જ તિયાનને મળ્યો. પતિને સાજો સારો જોઇ તિયાનના હર્ષનો કોઇ પાર ન રહ્યો. અગ્નિમાં પડી બળી મરવાની તેમજ પાણીમાં ડૂબી જઇ મરવાની નારીમાં અજબ શક્તિ હોય છે, પણ પતિ સમક્ષ પોતે પતિત બન્યાંનો એકરાર કરવા નારી કદાપિ તૈયાર નથી થતી.

આમ છતાં તિયેને પતિ સમક્ષ પોતાના પાપનો ખુલ્લો એકરાર કરી અત્યંત કરુણાર્દ્ર ભાવે કહ્યું: "મારા અચેતન મનમાં રહેલી વાસનાને હું પોતે જ ન ઓળખી શકી, અને પરિસ્થિતિ તેમજ સંજોગોને વશ થઈ વાસનાને આધીન બની ગઇ. મારામાં રહેલા પશુતત્ત્વે મારા પર વિજય મેળવ્યો, હું હારી ગઇ. વાંગસાન શુદ્ધ બ્રહ્મચારી હોવા છતાં, તેની વૃત્તિમાં પણ કોઇ ખૂણે ખાંચરે છૂપાઇને રહેલાં પશુતત્ત્વે તેની પર હુમલો કર્યો અને દેહ, ધર્મનું મુખ્ય અને પ્રથમ સાધન છે એ જાણતાં હોવા છતાં, અમારા દેહ વડે જ અમે ચારિત્રભ્રષ્ઠ બન્યાં. પરંતુ આવા વખતે એટલું તો ચોક્કસ સમજતા હતા કે, આ પાપ કૃત્ય છે પછી આવા કાળા કૃત્ય માટે જે વ્યથા અને વેદના થઇ તે એવી તો અસહ્ય અને દારુણ હતી, કે તેમાંથી મુક્ત થવા અનેકવાર આપઘાત કરી મૃત્યુના માર્ગે જવાનો મેં સંકલ્પ કર્યો. પણ પછી પાછો વિચાર આવે કે તેથી તો માત્ર દેહનું મૃત્યુ થશે, કાંઇ પાપનું મૃત્યુ ઓછું થવાનું? એટલે દીક્ષા લઇ તપોમય જીવન જીવવા માટે સાધ્વીના મઠ તરફ જવા નીકળી. વચમાં તમારી કબરના દર્શન કરવા અહિં આવી, ત્યારે ખબર પડી કે દુર્ભાગી હોવા છતાં મારૂં સૌભાગ્ય તો અખંડ રહ્યું છે. હવે મને આપ આશીર્વાદ આપો અને મારા સંકલ્પ મુજબના માર્ગે જવાની રજા આપો!"

ચૂઆંગે વિષણ્ણ હૈયે તિયેનના મનનું સમાધાન કરતાં કહ્યું: "તિયેન! ઇશ્વરે માણસનું ઘડતર કરતાં સાથે સાથે પશુતત્ત્વનું પણ તેમાં મિશ્રણ કરી દીધું છે, એ માટે કે માણસ સદા માટે એ પશુતત્ત્વની સામે યુદ્ધ કરતો રહે સ્ત્રી જાતિ વધુ પડતી લાગણીશીલ હોય છે, એટલે મોટા ભાગે આવા પતનમાં પતિનો દોષ ન જોતાં માત્ર પોતાનો જ દોષ જુવે છે. આ નાજુક બાબતને વિશ્લિષ્ટ અને તટસ્થ દૃષ્ટિએ જોઇએ તો, ચોક્કસ કહી શકાય કે સંસારી જીવનમાં પતિપત્ની બંનેમાંથી કોઇ પણ એકની ચારિત્ર ભ્રષ્ટતામાં, બીજું પાત્ર પણ ઓછા વધતા અંશે જવાબદાર તો હોય જ છે. હું સંપૂર્ણ રીતે દોષ રહિત હોત, તો મારી પત્નીને



For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કદી પણ અનાચારના માર્ગે જવાની કલ્પના પણ ન આવે. એવું જ સુશીલ નારીના પતિની બાબતમાં. એટલે તારાથી થયેલા દોષમાં મારો પણ મોટો હિસ્સો છે. હું જેને લાયક હોઉં તે જ મને પ્રાપ્ત થતું હોય છે, કુદરતનો આવો અબાધિત કાનુન છે."

પરંતુ તેમ છતાં પોતાના નિર્ણયમાં મક્કમ રહી તિયેને ચૂઆંગના ખોળામાં પોતાનું મસ્તક મૂકી અત્યંત દયાર્દ્ર ભાવે કહ્યું : "નાથ ! તમારી દલીલ તો તમારી મહાનતાની દ્યોતક છે, પણ તમારા જ શબ્દોમાં કહું કે સ્ત્રી જે સુખને લાયક નથી રહી, તે સુખ માટે તેણે ફાંફાં ન મારવા જોઇએ. હું જીવું છું એ તો પાપનો પશ્ચાત્તાપ કરી તેનો નાશ કરવા માટે. તેથી મને આશીર્વાદ આપો કે હવે પછી જેટલા ભવો કરવા પડે, તે બધી વખતે, સુયોગ્ય પત્ની બની પતિ તરીકે આપની સેવા કરી શકું."

તિયેનને આશીર્વાદ આપતાં ચૂઆંગની આંખો ભીની થઇ ગઈ. મહામહેનતે અત્યંત ધ્રુજતા અવાજે ગળગળા થઈ તેણે કહ્યું : "તિયેન ! તારો માર્ગ નિષ્કંટક હો ! તને સદા મારા આશીર્વાદ છે."

આશીર્વાદ લઈ તિયેન જ્યારે ભિક્ષુણી મઠ તરફ ચાલી નીકળી, ત્યારે અત્યંત ભારે હૃદયે ચૂઆંગ તેને અપલક દૃષ્ટિએ જોઈ રહ્યો.



## : સ્વર્ગવાસ નોંધ :

ભાવનગર નિવાસી શાહ હીરાચંદ હરગોવનદાસ સંવત ૨૦૩૦ વૈસાક સુદી ૩ ગુરૂવાર તા. ૨૫-૪-૭૪ ના રોજ સ્વર્ગવાસી થયેલ છે તેની નોંધ લેતા અમો ઘણી જ દિલગીરી અનુભવીએ છીએ. તેઓશ્રી ખૂબ ધર્મ પ્રેમી અને સ્વભાવે મીલનસાર હતા અને સભા પ્રત્યે ઘણી જ લાગણી ધરાવતા હતા તેઓશ્રી આ સભાની વ્યવસ્થાપક સમિતિના સભ્ય તરીકે રહી સભાના કામમાં સક્રિય રસ લેતા હતા. તેઓ આ સભાના આજીવન સભ્ય પણ હતા. સ્વર્ગસ્થના આત્માને શાશ્વત શાંતિ મળે તેવી અમો પ્રાર્થના કરીએ છીએ.



For Private And Personal Use Only

# શાપરીઆ

શીપ બીલ્ડર્સ અને એન્જીનીયર્સ

: બનાવનારા :

- બાર્જીસ
- લાઇફ બોટસ
- ટગ્ઝ
- ડ્રેજર્સ
- પોન્ટુન્સ
- મુરીંગ બોયઝ
- બોયન્ટ એપરેટસ

વિગેરે.................

: બનાવનારા :

- રોલીંગ શટર્સ
- ફાયરપ્રુફ ડોર્સ
- રોડ રોલર્સ
- વ્હીલ બેરોઝ
- રેફયુઝ હેન્ડ કાર્ટસ
- પેલ ફેન્સીંગ
- સ્ટીલ ટેન્કસ

વિગેરે.................

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું. પ્રાઇવેટ લીમીટેડ.

ચેરમેન :-શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ
મેનેજીંગ ડીરેકટર :-શ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ-૧૫ (ડી. ડી.)

ફોન : ૪૪૮૩૬૧/૬૨
ગ્રામ : 'શાપરીઆ' શીવરી-મુંબઇ.

એન્જીઅરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઇ-૧૨ (ડી. ડી.)

ફોન : ૩૯૫૦૯૭, ૩૭૪૮૯૩
ગ્રામ : ' શાપરીઆ ' પરેલ-મુંબઇ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સમાચાર

## સ્વ. પૂ. મ. શ્રી પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક વિષે કેટલાક અભિપ્રાયો.

૧

"અંકનું સંપાદન તેમના જીવનની કારકીર્દીને અનુરૂપ થયેલ છે. ટાઇટલના ફોટા કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય તથા ગુર્જરેશ્વર કુમારપાળનુ પ્રાચીન ચિત્ર તથા પ્રતનું પ્રાચીન ચિત્ર જોઇ આપણી ભવ્ય સંસ્કૃતિનું દર્શન થતા આહલાદ થાય છે. એ પ્રાચીન ખજાનાનું સંશોધન આ પ્ર. પૂ. પુણ્યવિજયજી મહારાજે કરી જૈન શાસન ઊપર મહાન ઉપકાર કર્યો છે."

અમરચંદ માવજી શાહ

૨

"વિશેષાંક બહુત સુંદર હૈ. અત્યંત શ્રમસાધ્ય વ શ્રદ્ધાદ્યોતક હોને સે અભિનંદનીય હૈ. આપ સર્વ સંપાદક મંડળ તથા શ્રી રતિલાલભાઇ દીપચંદજી દેસાઈ આદિ કે ઉત્કૃષ્ટ પ્રયાસકી હાર્દિક પ્રશંસા કરતે હૈ, અસ્તુ.

પ્યારેલાલ મૂથા આદિ શ્રદ્ધાલુવર્ગ.

૩

"વિશેષાંકનું સંકલન, સંશોધન, સંપાદન, પ્રકાશક ઘણી સરસ રીતે થયું છે તે માટે સંપાદક મંડળ તથા સભા ખરેખર ધન્યવાદને પાત્ર છે.

૪

"પ. પૂ. મ. સા. નું સમગ્ર જીવન સૌ કોઇને પ્રેરણાદાયી છે. પરમ પવિત્ર છે. અનુકરણીય છે. તમારો પ્રયાસ ઘણો ઉમદા છે અભિનંદનીય છે."

ઝવેરભાઈ બી. શેઠ

"મુનિશ્રી પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક જોઈ વાંચી અત્યંત ખુશ થયો. આવી સામગ્રી જે દસ્તાવેજી સ્વરૂપની ગણાય તે આપવા બદલ હાર્દિક ધન્યવાદ પાઠવું છુ તો આપ સ્વીકારશો. આ લખતાં હું આનંદથી એવો ગદ્દગદિત થાઉં છું કે જે ભાવને શબ્દસ્થ કરવાને મારી કલમ અશકત બની રહે છે."

જસવંત કા. ગાંધી.

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢીની પ્રાદેશિક પ્રતિનિધિઓની વાર્ષિક મીટીંગમાં, પેઢીએ કરેલા કામોની રજુ થયેલી રૂપરેખા

**૧. અમદાવાદ:**

બહારગામના દેરાસરોના જીર્ણોદ્ધાર માટે સં. ૨૦૨૯ની સાલમાં કુલ ૯ ગામોને રૂા. ૧,૬૦,૦૦૦–૦૦ જીર્ણોદ્ધારના કામ માટે મદદ તરીકે આપવા મંજુર કરેલ છે. છેલ્લા સત્તર વર્ષમાં કુલ ૩૦૫ ગામોના દેરાસરોના જીર્ણોદ્ધાર કરવામાં આશરે રૂ. ૧૭૦૦૦૦૦–૦૦ અંકે સત્તર લાખ મદદ તરીકે અપાયેલ છે.

આ સાથે છેલ્લાં ૪૫ વર્ષમાં જીર્ણોદ્ધારમાં નીચે પ્રમાણે ખર્ચ થયેલ છે તેમાં—



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | રૂા. પૈસા | |
|---|---|---|---|
| (૧) | પેઢીના વહીવટના દેરાસરો વિગેરેમાં | ૫૨,૫૦,૦૦૦–૦૦ | બાવન લાખ પચાસ હજાર |
| (૨) | આબુના જીર્ણોદ્ધારમાં | ૧૪,૦૦,૦૦૦–૦૦ | ચૌદ લાખ |
| (૩) | જુદા જુદા ગામના દેરાસરો જીર્ણોદ્ધારમાં | ૨૭,૦૦,૦૦૦–૦૦ | સત્તાવીશ લાખ |
| | કુલ | ૯૩,૫૦,૦૦૦–૦૦ | ત્રાણું લાખ પચાસ હજાર |

દિન–પ્રતિદિન આવી માંગ વધતી રહે છે. અને પેઢી તરફથી તેને પહોંચી વળવા શકય તે કરવામાં આવે છે.

૨. પાલીતાણા :

શ્રી પવિત્ર શેત્રુંજય ગીરીરાજ ઉપર જીર્ણોદ્ધારનું કામ ચાલે છે. સં. ૨૦૨૯ ની સાલમાં જીર્ણોદ્ધાર કામમાં રૂા. ૩,૨૯,૭૦૦–૦૦ આશરે ખર્ચ થએલ છે. અત્યાર સુધીમાં રૂા. ૨૬,૦૦,૦૦૦–૦૦ આશરે ખર્ચ થએલ છે.

૩. જુનાગઢ :

૧. શ્રી. ગીરનારજી ઉપર જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે. તેમાં સં. ૨૦૨૦ થી સં. ૨૦૨૯ સુધીમાં શ્રી નેમીનાથ ભગવાનની ટુંકનાં દેરાસરોનું જીર્ણોદ્ધારનું કામ થઇ ગએલ છે. તેમાં આશરે ખર્ચ રૂા. ૨,૯૩,૬૦૦–૦૦ થએલ છે. હાલ શ્રી વસ્તુપાળ તેજપાળનાં દેરાસરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

૨. ગીરનાર ઉપર રહેવાની સગવડ વધારવાની જરૂર હોવાથી એક ધર્મશાળા નવીન બાંધવા વિચારેલ છે.

૪. તારંગા :

૧. શ્રી તારંગા તીર્થ ઉપરના દેરાસરોના જીર્ણોદ્ધારના કામે અત્યાર સુધીમાં આશરે રૂા. ૧૧,૨૧,૦૦૦-૦૦ અગીયાર લાખ એકવીસ હજાર ખર્ચ થએલ છે. તેમજ દેરાસરો સાફસુફી કરી તેના ઉપર હવામાનની અસર ઓછી થાય તે માટે એક સંરક્ષક પ્રવાહી લગાડવામાં આવ્યુ છે. જીર્ણોદ્ધારમાં મૂર્તિકામ ચાલુ છે. પરંતુ કુશળ કારીગરોના અભાવને લીધે તે કામ હજુ બે એક વર્ષ ચાલવા સંભવ છે.

૨. દિન–પ્રતિદિન યાત્રિકોની સંખ્યા વધતી જાય છે. સં. ૨૦૨૫ ની સાલમાં ૧૦૦૦૧ યાત્રિકો આવેલ જ્યારે સં. ૨૦૨૯ ની સાલમાં ૭૨૮૨૪ યાત્રિકો આવ્યાં હતાં.

૩. ધર્મશાળાની સગવડો વધારવાની જરૂર હોવાથી, જુની ધર્મશાળાને સુધરાવી વધુ સગવડતાવાળી કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે.

૫. કુંભારીયાજી :

૧. કુંભારીયાજીમાં વિજળીકરણ કરવામાં આવ્યું છે અને પાણીનો પુરવઠો મળે તે માટે મોટર પંપ મુકવાનું કામ વિચારણામાં છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨. યાત્રિકોની સુવિધા વધારવા પુરતી સગવડતાવાળી એક નવીન ધર્મશાળા બાંધવાનું કામ શરૂ કરેલ છે. ખર્ચનો અંદાજ રૂા. ૧,૫૦,૦૦૦-૦૦ દોઢ લાખ છે.

૬. શેરીસા :

શેરીસામાં પાણીની તંગી રહેતી હતી અને પાણી પણ સ્વાદમાં ખારાશ પડતું હતું. યાત્રિકોની સંખ્યા વધતી જતી હોઇ, પાણીની મુશ્કેલી ના રહે તે માટે એક બોરીંગ ૩૫૦ ફુટ ઉંડું કરી, વિજળી અને મોટર પંપ મુકવામાં આવ્યો છે. આ બધાનો ખર્ચ રૂા. ૪૩,૦૦૦-૦૦ ત્રેતાલીસ હજાર થયો છે. પાણીની હવે પુરતી સગવડ થઈ છે.

૭. સાદડી :

શ્રી રાણકપુરમાં વિજળીકરણનું કામ ચાલુ કરેલ છે જે ચારેક માસમાં પુરૂં થવા સંભવ છે.

રાણકપુરજીના તીર્થનો પ્રભાવ દિન પ્રતિદિન વધતો જાય છે. અને ધાર્મિક ઉત્સવો પણ સારા પ્રમાણમાં શરૂ થયા છે. ત્યાં એક વ્યાખ્યાન હોલની જરૂર હોઇ, તે બંધાવવા વિચારણા ચાલે છે.

૮. મક્ષીજી :

શ્રી મક્ષીજીમાં ભોજનશાળાનું કામ ચાલુ છે. સં. ૨૦૨૯ની સાલ સુધીમાં રૂા. ૬૬૦૦૦-૦૦ છાંસઠ હજાર આશરે ખર્ચ થયેલ છે. ચાલુ સાલે કામ પુરૂં થવા સંભવ છે.

મક્ષીજી તીર્થ અંગે દીગંબર સાથે ચાલતા ઝઘડામાં ડીસ્ટ્રીકટ તથા હાઇકોર્ટમાં આપણા લાભમાં ફેસલાઓ આવેલા. તે ઉપર દીગંબરોએ સુપ્રીમ કોર્ટમાં સ્પેશીયલ લીવ ફોર અપીલની માંગણી કરી હતી તે નામંજુર થઇ છે.

૯. ઇસરી :

શ્રી સમેતશિખરજી તીર્થ અંગે દીગંબરો સાથે ચાલતા દાવામાં આપણો પુરાવો પુરો થયો છે અને દીગંબરોના પુરાવાનું કામ ચાલે છે. બિહારમાં અશાંતિના લીધે તે કામની મુદત તા. ૧૬-૪-૭૪ ની પડી છે. દીગંબરોનો પુરાવો પુરો થયા પછી સરકાર તરફથી પુરાવો રજુ થશે. પુરાવાનું કામ એક અઠવાડિયાનું બાકી ગણાય. ત્યાર પછી દલીલો થશે. એકંદર એક મહીનામાં પુરૂં થવા સંભવ છે.

૧૦. જનરલ :

૧. ભારત સરકાર ઇન્કમટેક્ષ એકટ સુધારવા માંગે છે. આ બીલ મંજુર થાય તો ટ્રસ્ટોને ઘણું નુકશાન થાય. આ બીલનો જોરદાર વિરોધ કરવામાં આવેલ છે.

૨. ગુજરાત રાજ્યે હાલના ટ્રસ્ટ એકટમાં ઘણા સુધારા સુચવી ચેરીટી કમીશ્નરને વિશાળ સત્તાઓ કે જે સીવીલ કોર્ટને હતી તે આપવા બદલનું બીલ રજુ કર્યું છે. તેમ થાય તો ટ્રસ્ટીઓને કામ કરવામાં ઘણી મુશ્કેલીઓ ઉભી થાય અને યોગ્ય ન્યાય મેળવવો મુશ્કેલ પડે. આ બીલનો પણ પેઢી તથા બીજા ટ્રસ્ટો તરફથી વિરોધ કરવામાં આવ્યો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

## વિદ્યાર્થી ગૃહપ્રવેશ

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મુંબઈ અંધેરી. અમદાવાદ, વડોદરા, વલ્લભ વિદ્યાનગર, પૂના, અને ભાવનગરમાં વિદ્યાર્થીગૃહો છે. એસ એસ. સી. કે સમાન કક્ષાની પરીક્ષા ઉત્તીર્ણ કરી ઉચ્ચ અભ્યાસ કરનાર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીને દાખલ કરવામાં આવે છે. દરેક સ્થળના વિદ્યાર્થીગૃહ માટે અલગ અરજીપત્રક છે. દરેક સ્થળના અરજીપત્રકની કિંમત એક રૂપિયો છે. ટપાલદ્વારા અરજીપત્રક મંગાવનારે અરજીપત્રકનો એક રૂપિયો અને ટપાલ ખર્ચના ૩૫ પૈસા મળી રૂા. ૧-૩૫ ની ટપાલની ટિકીટો મોકલવા ઉપરાંત જે સ્થળનું અરજી પત્રક જોઈતું હોય તે સ્થળ અંગે સ્પષ્ટતા કરવી જરૂરી છે. અરજી પત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૫ મી જૂન છે.

## ઉચ્ચ શિક્ષણ માટે સહાય :

એસ. એસ. સી. કે સમાન કક્ષાની પરીક્ષા પછી કોલેજમાં અભ્યાસ કરનાર શ્વેતામ્બર મૂર્તિ પૂજક જૈ. વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓને શ્રી સારાભાઈ મગનભાઈ મોદી ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃત્તિ ટ્રસ્ટ ફંડમાંથી પૂરક આર્થિક સહાય ટ્રસ્ટ યોજનાના નિયમાનુસાર લોનરૂપે આપવામાં આવે છે. તે માટેનું નિયત અરજી પત્રક ૫૦ પૈસાની ટપાલ ટિકીટ મોકલવાથી મળશે. અરજી પત્રક સ્વીકારવાની છેલ્લી તા ૨૦ મી જૂન છે. આ ફંડમાંથી સહાય લેવા માટે અરજી કરનારે એસ. એસ. સી. પરીક્ષા સંસ્કૃત કે અર્ધ માગધી સાથે ઓછામાં ઓછા ૪૫% માર્કસ મેળવી પસાર કરેલ હોવી જોઈએ.

## માધ્યમિક શિક્ષણ અંગે સહાય :

માધ્યમિક શિક્ષણ ( ધોરણ ૮ થી ૧૧ ) માટે શ્રી સારાભાઈ મગનભાઈ મોદી લોન સ્કોલરશિપ ફંડમાંથી શ્વેતામ્બર મૂ. પૂજક જૈન વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓને લોન આપવા માટેનું નિયત અરજી પત્રક ૨૫ પૈસાની ટપાલ ટિકીટો મોકલવાથી મળશે. અરજી પત્રક સ્વીકારવાની છેલ્લી તા. ૨૦ મી જૂન છે.

## કન્યા છાત્રાલય શિષ્યવૃત્તિ :

શ્રી મહાવીર જૈન વિદ્યાલય દર વર્ષે ઉચ્ચ શિક્ષણ લેતી શ્વેતામ્બર મૂ. પૂજક બહેનોને શિષ્યવૃત્તિ આપે છે. અરજી પત્રકની કિંમત પચાસ પૈસા છે. ટપાલ દ્વારા મંગાવનારે પચીસ પૈસા વધારે મોકલવા. અરજી પત્રક સ્વીકારવાની છેલ્લી તા. ૨૦ મી જૂન છે.

ઉપરોક્ત સર્વે અરજી પત્રકો શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૩૬. ઉપર આવેલ કાર્યાલયેથી મળશે.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રન્થો

### संस्कृत ग्रंथो

| | |
|---|---|
| १ वसुदेव हिण्डी–द्वितीय अंश | १०–०० |
| २ बृहत्कल्पसूत्र भा. ६ ठ्ठो | २०–०० |
| ३ त्रिषष्टिशलाकापुरुषचरित–महाकाव्यम् भा. २, पर्व २, ३, ४ (मूळ संस्कृत) पुस्तकाकारे | १५–०० |
| ४. " " प्रताकारे | १५–०० |
| ५ द्वादशारं नयचक्रम् | ४०–०० |
| ६ सम्मतितर्कमहार्णवावतारिका | १५–०० |
| ७ तत्त्वार्थाधिगमसूत्रम् | १५–०० |
| ८ प्रबंधपंचशती | १५–०० |
| ९ स्त्रीनिर्वाण केवलिभुक्तिप्रकरणे | ६–०० |

### અંગ્રેજી ગ્રંથો

| | |
|---|---|
| 1 Anekantvada by H. Bhattacharya | 3–00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35–00 |

### ગુજરાતી ગ્રંથો

| | |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૨૦–૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૦–૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૪–૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨–૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨ | ૨–૦૦ |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૨–૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૦–૦૦ |
| ૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૩–૦૦ |
| ૯ આત્મ કાન્તિ પ્રકાશ | ૧–૫૦ |
| ૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | ૧૦–૦૦ |
| ૧૧ ધર્મ કૌશલ્ય | ૨–૦૦ |
| ૧૨ અનેકાન્તવાદ | ૨–૦૦ |
| ૧૩ નમસ્કાર મહામંત્ર | ૨–૦૦ |
| ૧૪ ચાર સાધન | ૨–૦૦ |
| ૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૨–૦૦ |
| ૧૬ જાણ્યું અને જોયું | ૨–૦૦ |
| ૧૭ સ્યાદ્વાદમંજરી | ૧૫–૦૦ |
| ૧૮ ભ. મહાવીર યુગનાં ઉપાસિકાઓ | ૨–૦૮ |

નોંધ : સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોષ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

**શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર**


તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક: હરિલાલ દેવચંદ શેઠ આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only